# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*********************************************************

1) સરકારના શ્રેષ્ઠ પ્રયાસો છતાં લોકસભામાં મહિલા અનામત વિધેયક પસાર ન થવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુ:ખ વ્યક્ત કરી વિપક્ષો પર આકરા પ્રહાર કર્યા.

2) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે મંત્રીઓના જૂથની બેઠકમાં પશ્ચિમ એશિયાની પરિસ્થિતિની સમીક્ષા કરી અને ભારતની તૈયારીઓનું મૂલ્યાંકન કર્યું.

3) દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યોંગ આજથી ભારતની મુલાકાતે.

4) ઈરાને જ્યાં સુધી અમેરિકા ઈરાની બંદરો પરથી નાકાબંધી દૂર ના કરે ત્યાં સુધી હોર્મુઝ સમુદ્રધુની બંધ રહેવાની જાહેરાત કરી.

5) મહિલા ક્રિકેટમાં ભારત દક્ષિણ આફ્રિકા વચ્ચેની T 20ની પાંચ મેચની શ્રેણીની બીજી મેચ આજે રમાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM- ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સરકાર માટે રાષ્ટ્ર હિત સર્વોપરી છે. રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે સરકારના નિષ્ઠાવાન પ્રયાસો છતાં નારી શક્તિ વંદન કાયદામાં સુધારો કરતું વિધેયક લોકસભામાં પસાર થઈ શક્યું નથી. તેમણે આ માટે બધી માતાઓ અને બહેનોની માફી માંગી હતી.

**(બાઇટ – PM WOMEN BLESSINGS)**

શ્રી મોદીએ જણાવ્યું હતું કે જ્યારે કેટલાક લોકોનો પક્ષ સર્વસ્વ બની જાય છે, ત્યારે મહિલા સશક્તિકરણ અને રાષ્ટ્રીય હિત બંનેને નુકસાન થાય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે મહિલા અનામતએ સમયની જરૂરિયાત છે. મહિલાઓના હિતમાં ઘડવામાં આવેલા આ વિધેયકને નકારી કાઢવામાં આવ્યું તેનું મને ખૂબ જ દુઃખ થયું હતું,

**(બાઇટ – PM ON POLITICAL PARTY)**

પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ગઈકાલે સંસદમાં નારી શક્તિ વંદન સુધારાનો વિરોધ કરનારા પક્ષો મહિલાઓની શક્તિને હળવાશથી લઈ રહ્યા હતા. તેમણે કહ્યું કે મહિલા અનામતનો વિરોધ કરીને તેમણે કરેલા અન્યાયની સજા વિપક્ષને ચોક્કસ મળશે. તેમણે સીમાંકન અંગે પણ પ્રતિક્રિયા આપી હતી.

**(બાઇટ – PM DELIMITATION)**

# IGoM- WEST ASIA

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં મંત્રીઓના જૂથની બેઠકમાં પશ્ચિમ એશિયાની પરિસ્થિતિની સમીક્ષા કરી અને ભારતની તૈયારીઓનું મૂલ્યાંકન કર્યું. કેન્દ્રીય મંત્રીઓ ડૉ. એસ. જયશંકર, જે.પી. નડ્ડા, હરદીપ સિંહ પુરી, સર્બાનંદ સોનોવાલ સહિત અન્ય મંત્રી પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિ અનિશ્ચિત અને અસ્થિર છે તેથી ભારતે કોઈપણ ઘટના માટે તૈયાર રહેવું જોઈએ. બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણયમાં "ભારત મરીન ઇન્શ્યોરન્સ પૂલ" ની રચનાને પણ મંજૂરી આપવામાં આવી હતી, જે જોખમી દરિયાઈ માર્ગો પર નેવિગેટ કરતી વખતે પણ ભારતીય જહાજો અને કાર્ગો માટે સસ્તા વીમોને સુનિશ્ચિત કરશે.

બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે વૈશ્વિક પુરવઠા પડકારો હોવા છતાં ભારતમાં પૂરતો ઇંધણ ભંડાર છે. દેશમાં હાલમાં 60 દિવસથી વધુ ક્રૂડ ઓઇલ, પેટ્રોલ, ડીઝલ અને ઉડ્ડયન બળતણ છે. LNG ભંડાર લગભગ 50 દિવસ સુધી ચાલી શકે છે, જ્યારે LPG ભંડાર લગભગ 40 દિવસ સુધી પૂરતો છે.

બેઠક દરમિયાન સંરક્ષણ મંત્રીએ અખાતી ક્ષેત્ર સહિત વિદેશમાં રહેતા ભારતીયોની સલામતી પર પણ ભાર મૂક્યો, અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સાથે મળીને કામ કરવા અને પરિસ્થિતિનો સામનો કરવા માટે વધુ સારા પગલાં લેવા વિનંતી કરી.

# VP - SRI LANKA VISIT

ભારતના ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજથી બે દિવસની સત્તાવાર મુલાકાતે શ્રીલંકાના પ્રવાસે પહોંચશે. મુલાકાત દરમિયાન તેઓ શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેને મળશે અને પ્રધાનમંત્રી હરિની અમરસુરિયા સાથે વાતચીત કરશે. તેઓ અન્ય વરિષ્ઠ નેતાઓ અને ભારતીય સમુદાય સાથે પણ મુલાકાત કરશે.

આ મુલાકાતથી બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનવાની અપેક્ષા છે. શ્રીલંકા ભારતના પ્રાદેશિક આઉટરીચમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર રહ્યું છે, જેમાં તેની વિઝન મહાસાગર અને પાડોશી પ્રથમ નીતિનો સમાવેશ થાય છે. આ મુલાકાત બંને પડોશી દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતા સાંસ્કૃતિક સંબંધો અને લોકો-થી-લોકોના સંબંધોને મજબૂત બનાવશે, અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગને નવી ગતિ પણ આપશે.

# WB CAMPAIGN

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળના બાંકુરા, પુરુલિયા, ઝારગ્રામમાં પાર્ટી ઉમેદવારોના સમર્થનમાં અનેક જાહેર સભાઓને સંબોધિત કરશે.

શ્રી મોદી બાંકુરા જિલ્લાના બરજોરામાં જાહેર સભાને સંબોધિત કરશે, ત્યારબાદ તેઓ અન્ય જિલ્લાઓમાં પ્રચાર કરશે. ભાજપના નેતા અને કેન્દ્રીયમંત્રી જેપી નડ્ડા આજે કૂચ બિહાર અને જલપાઇગુડી જિલ્લામાં રેલીઓમાં પણ ભાગ લેશે. ભાજપ પ્રમુખ નીતિન નવીન દક્ષિણ દિનાજપુર જિલ્લાના બાલુરઘાટમાં જાહેર સભાને સંબોધિત કરશે, ત્યારબાદ તેઓ માલદામાં રોડ શો કરશે.

# TN-CAMPAIGNING

તમિલનાડુમાં ચૂંટણી પ્રચાર પૂરો થવાને ગણતરીના દિવસો બાકી હોવાથી રાજકીય પ્રચાર વેગવંતો બન્યો છે. ભાજપના નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઇરોડ જિલ્લાના શિવગિરીમાં પ્રચાર કરશે. અગાઉ પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ એનડીએ ગઠબંધનને મજબૂત બનાવવા રાજ્યની મુલાકાત લીધી હતી. જ્યારે વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ ઉત્તરીય જિલ્લાઓમાં પ્રચાર કર્યો હતો, રાષ્ટ્રીય જનતા દળના તેજસ્વી યાદવે ધર્મનિરપેક્ષ પ્રગતિશીલ ગઠબંધન માટે કોઈમ્બતુર, તિરુપુર અને નીલગિરીમાં પ્રચાર કર્યો હતો. આ ઉપરાંત શ્રી કનિમોઝીએ પ્રેમલતા વિજયકાંત માટે વૃદ્ધિચલમમાં પ્રચાર કર્યો હતો.

# SOUTH KOREA PREZ VISIT

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યોંગ આજથી ભારતની મુલાકાતે છે. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે, જેમાં દક્ષિણ કોરિયાના પ્રથમ મહિલા કિમ હે -ક્યુંગ, મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને વ્યાપારી નેતાઓનો સમાવેશ થશે. રાષ્ટ્રપતિ લીની આ ભારતની પહેલી મુલાકાત હશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ લી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે જહાજ નિર્માણ, વેપાર, રોકાણ, કૃત્રિમ બુદ્ધિમત્તા, સેમિકન્ડક્ટર, મહત્વપૂર્ણ અને ઉભરતી ટેકનોલોજી, લોકો-થી-લોકોના સંબંધો અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટે વાતચીત કરશે. બંને નેતાઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. પ્રધાનમંત્રી મુલાકાતી મહાનુભાવના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે.

રાષ્ટ્રપતિ લી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે પણ મુલાકાત કરશે અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે સૌજન્ય મુલાકાત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# IRAN - US HORMUZ

ઈરાને જણાવ્યું છે કે જ્યાં સુધી અમેરિકા દ્વારા ઈરાની બંદરો પરથી નાકાબંધી હટાવવામાં ન આવે ત્યાં સુધી હોર્મુઝ સમુદ્રધુની બંધ રહેશે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ અમેરિકાના નાકાબંધીને યુદ્ધવિરામની શરતોનું ઉલ્લંઘન ગણાવ્યું અને ચેતવણી આપી કે સમુદ્રધુની પાસે આવનાર કોઈપણ જહાજને શત્રુ માની તેને નિશાન બનાવવામાં આવી શકે છે.

શુક્રવારે સમુદ્રધુની અસ્થાયી રૂપે ફરીથી શરૂ કર્યા બાદ આ ઘટના બની છે. જોકે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન સાથેના તમામ મુદ્દાઓ સંપૂર્ણપણે ઉકેલાય ત્યાં સુધી નૌકાદળ નાકાબંધી યથાવત રહેશે.

દરમિયાન હૉર્મુંઝમાં ગોળીબારના અહેવાલો છે જેનાથી કેટલાક વાણિજ્યિક જહાજોને નુકસાન થયું છે. યુદ્ધવિરામ છતાં પ્રદેશમાં તણાવ વધુ છે, અને પરિસ્થિતિને વધતી અટકાવવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલી રહ્યા છે.

# FS-IRAN MEETING

ભારતે ગઈકાલે હોર્મુંઝ સમુદ્રધુનીમાં બે ભારતીય ધ્વજવાળા જહાજો પર ગોળીબારની ઘટના અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં ઈરાની રાજદૂત ડૉ. મોહમ્મદ ફતહલી સાથેની મુલાકાત દરમિયાન આ ઘટના પર ભારતની ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. વેપારી જહાજો અને નાવિકોની સલામતી અંગે ચર્ચા કરતા તેમણે કહ્યું હતું કે ઈરાને અગાઉ ભારત જતા અનેક જહાજોને સલામત માર્ગ પૂરો પાડ્યો હતો. વેપારી જહાજો પર ગોળીબારની આ ગંભીર ઘટના અંગે ભારતની ચિંતાને પુનરાવર્તિત કરતા, વિદેશ સચિવે ઈરાની રાજદૂતને ભારતના વિચારો ઈરાની અધિકારીઓ સુધી પહોંચાડવા અને શક્ય તેટલી વહેલી તકે ભારત જતા જહાજોને સામુદ્રધુની દ્વારા સુવિધા આપવાની પ્રક્રિયા ફરી શરૂ કરવા વિનંતી કરી. મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાની રાજદૂતે ઈરાની અધિકારીઓ સુધી આ વિચારો પહોંચાડવાની ખાતરી આપી હતી.

# WOMEN- T20I

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે કિંગ્સમીડ સ્ટેડિયમ ખાતે પાંચ મેચની શ્રેણીની બીજી  ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ ડર્બનમાં સાંજે સાડા પાંચ વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ શ્રેણીની પહેલી મેચ છ વિકેટથી હારી ગઈ હતી. ભારતે 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 157 રન બનાવ્યા હતા. જવાબમાં, દક્ષિણ આફ્રિકાએ 19.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં સનરાઇઝર્સ હૈદરાબાદે ચેન્નાઈ સુપર કિંગ્સને 10 રનથી હરાવ્યું. ગઈકાલે પ્રથમ બેટિંગ કરતા સનરાઇઝર્સ હૈદરાબાદે નિર્ધારિત 20 ઓવરમાં 194 રન બનાવ્યા. જવાબમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ 20 ઓવરમાં 8 વિકેટે ફક્ત 184 રન જ બનાવી શક્યું. હૈદરાબાદના ઇશાન મલિંગાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

અન્ય મેચમાં દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને છ વિકેટથી હરાવ્યું. 176 રનના લક્ષ્યનો પીછો કરતા દિલ્હીએ એક બોલ બાકી રહેતા 6 વિકેટે 179 રન બનાવ્યા.

આજે કોલકાતા નાઈટ રાઇડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ બપોરે સદા ત્રણ વાગ્યે શરૂ થશે બીજી મેચમાં પંજાબ કિંગ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ સાંજે સાડા સાત વાગ્યે એકબીજા સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોશી

- આજ ના મોટા ભાગ ના અખબારો એ મહિલા અનામત બિલ નામંજૂર થતા પીએમે કરેલા દેશને સંબોધનના સમાચાર ને પહેલા પાને સ્થાન આપ્યું છે
- પીએમ નરેન્દ્ર મોદીના નિવેદન સાથે સંદેશ એ નારી અપમાન ભૂલતી નથી, વિપક્ષ ને સજા મળશે -
- ગુજરાત સમચારે કોંગ્રેસ નારી વંદના,નારી ઉપાસના વિરોધી,- તો દિવ્યભાસ્કરે (વુ)મન કી બાત ,કોંગ્રેસે દેશ ની સામેજ બિલની ભૃણ હત્યા કરી દીધી તેવા પ્રધાન મંત્રી મોદીના નિવેદનને સમાચાર ને સ્થાન આપ્યું છે.
- હોર્મુઝ ફરી બંધ,ફાયરિંગ ને લીધે 2 ભારતીય જહાજો ને પરત ફરવું પડ્યું ને દિવ્યભાસ્કરે અંદર ના પાને સ્થાન આપ્યું છે
- રાજ્ય અને સ્થાનિક સમાચારમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચારને અલગ અલગ રીતે પ્રકાશિત કર્યા છે. અક્ષય તૃતિયાનીઉજવણીના સમાચારને છેલ્લા પાને સ્થાન આપ્યું છે..